# ગરમીમાં એક્સેસરીઝથી મેળવો આકર્ષક લુક

*બળબળતી બપોર હોય કે ઉકળાટભરી સાંજ-સમજદાર મહિલા એ જ છે કે જે મોસમની અસર પોતાની સ્ટાઈલ પર પડવા ન દે. ગરમીમાં મોટા ભાગે આપણે આઉટફિટ્સ પર જ વધારે ધ્યાન આપીએ છીએ પરંતુ નાની નાની એક્સેસરીઝ પર પણ ધ્યાન આપવું જરૂરી છે. ગરમીની મોસમમાં યોગ્ય એક્સેસરીઝની પસંદગી તમને તડકાથી તો બચાવે જ છે સાથે તમારા સાધારણ આઉટફિટ્સને પણ નિખારે છે.*





## જૂટ હેટ્સ

ગરમીમાં હેટ માત્ર એક ફેશન જ નથી પરંતુ તમારી ત્વચા માટે એક સુરક્ષાકવચ પણ છે. આ મોસમમાં જૂટ અને પ્રાકૃતિક રેસામાંથી બનેલી મોટી હેટ્સ ચલણમાં છે. એ તમારા ચહેરાને તડકાથી બચાવે છે અને ગરદન તથા ખભાને પણ છાયા આપે છે. જૂટની હેટ્સ હવાદાર હોય છે એટલે માથામાં પરસેવો થતો નથી અને વાળ પણ ખરાબ થતાં નથી. તમે સાદી હેટને કલરફુલ રિબન કે ફૂલોથી સજાવી પણ શકો.

## ડિઝાઈનર છત્રી

છત્રી હવે માત્ર ચોમાસાની વસ્તુ રહી નથી પરંતુ એ બળબળતી ગરમીમાં તમારો સૌથી મોટો રક્ષક છે. કાળી અને બોરિંગ છત્રીને બદલે રંગીન, પોલકા ડોટ્સ, ફ્લોરલ પ્રિન્ટસ અને લેસવાળી ડિઝાઈનર છત્રીનો ઉપયોગ કરી શકાય. એક નાની ફોલ્ડિંગ છત્રી તમારી બેગમાં હોવી જોઈએ. પારદર્શક અથવા રાજસ્થાની ભરતકામવાળી છત્રી ફોટો લેવામાં પણ બહુ સરસ લાગે છે. એ માત્ર તમારી ત્વચાનું જ રક્ષણ નથી કરતી પરંતુ તમારા સમર લુકમાં એક વિન્ટેજ અને કલાસિક ટચ પણ ઉમેરે છે.

## સનગ્લાસિસ



સનગ્લાસિસ ઉનાળાની સૌથી અનિવાર્ય એક્સેસરી છે. એ તમારી આંખોને હાનિકારક કિરણોથી બચાવે છે અને ચહેરાના ફિચર્સને નિખારે છે. 'ઓવરસાઈઝ્ડ' એટલે મોટી ફ્રેમ અને 'કેટ આઈ' શેપના સનગ્લાસિસ આજકાલ ટ્રેન્ડમાં છે. જો તમારો ચહેરો નાનો હોય તો લાઈટ કલરની ફ્રેમ પસંદ કરો અને ચહેરો ભરાવદાર હોય તો ડાર્ક અને પહોળી ફ્રેમ તમારા પર બહુ સારી લાગશે. આજકાલ પારદર્શક કે પેસ્ટલ કલરની ફ્રેમ લોકપ્રિય છે જે બહુ 'કૂલ' લુક આપે છે.

## જૂટ અને કપડાંની ટોટ બેગ્સ

ગરમીમાં લેધરની ભારે બેગ લઈ જવી થોડું મુશ્કેલ લાગે છે. એને બદલે જૂટ, કેનવાસ કે કોટન કાપડની ટોટ બેગ્સ પસંદ કરો. આ બેગ માત્ર લાઈટ જ નથી હોતી પરંતુ એમાં તમે પાણીની બોટલ, સનસ્ક્રીન, છત્રી જેવી જરૂરી વસ્તુઓ પણ સહેલાઈથી મૂકી શકો છો. ભરતકામ, પોમપોમ અને કોડીઓવાળી જૂટ બેગ બહુ 'અર્થી' અને નેચરલ લુક આપે છે.

## હેર એક્સેસરીઝ

ગરમીમાં વાળ છુટ્ટા રાખવા એ એક બહુ મોટો પડકાર છે. ત્યારે ફેશનેબલ હેર એક્સેસરીઝ તમારી મદદે આવે છે. આ મોસમમાં 'સિલ્ક સ્ક્રંચીઝ' એટલે કે કપડાંવાળા રબરબેન્ડ અને ફૂલોવાળા ક્લચર પસંદ કરવામાં આવે છે. તમે હેડબેન્ડ કે રંગીન બોનો ઉપયોગ પણ કરી શકો.

## ઓક્સિડાઈઝડ સિલ્વર અને બોહેમિયન આભૂષણ

સોના અને ભારે ધાતુના દાગીના ગરમીમાં પરસેવા સાથે મળી ત્વચા પર બળતરા કરી શકે છે. ઓક્સિડાઈઝ્ડ સિલ્વર અથવા જૂની ચાંદી જેવાં દેખાતાં આભૂષણો સૌથી સારી પસંદ છે. કોટન કુરતી અને સાડી સાથે ઝુમકા, નથ અને મોટા હાર શાહી લુક આપે છે. બોહેમિયન સ્ટાઈલની કલરફુલ મોતીઓવાળી માળા અને કંગન પણ ઘણાં ટ્રેન્ડમાં છે. ગરમીમાં આભૂષણો મિનિમલ રાખો એટલે કે એક સમયે એક જ હેવી વસ્તુ પહેરો.

## કોલ્હાપુરી ચંપલ- મોજડી



ગરમીમાં બંધ શૂઝ કે હીલ્સને બદલે પગને શ્વાસ લેવા દો. કોલ્હાપુરી ચંપલ અને રાજસ્થાની મોજડી આ મોસમમાં સૌથી યોગ્ય ફૂટવેર છે. એ આરામદાયક હોય છે અને એનો ટ્રેડિશનલ લુક જીન્સ અને કુરતી પર શોભે છે. કોલ્હાપુરી ચંપલમાં પેસ્ટલ રંગ અને ઘૂઘરીવાળી ડિઝાઈન લેટેસ્ટ છે. મોજડી પગને બરાબર ઢાંકે છે એટલે ટેનિંગનું જોખમ ઓછું રહે છે. એ સ્ટાઈલિશ પણ લાગે છે.

## પોર્ટેબલ પોકેટ પંખા



તમને ભલે થોડું અજીબ લાગે પરંતુ નાના અને સુંદર હેન્ડફેન કે વીજળીથી ચાલતાં નાના પોકેટ પંખા આજકાલ બહુ લેટેસ્ટ એક્સેસરી બની ગયા છે. લાકડી કે રેશમનો એક હેન્ડ ફેન શાહી લુક આપે છે. આ પંખા બહુ સુંદર ડિઝાઈનમાં મળે છે. એ તમને તરત રાહત તો આપે જ છે પરંતુ હાથમાં એક સુંદર એક્સેસરી જેવા પણ દેખાય છે.

## ઘડિયાળ અને બ્રેસલેટ




ઉનાળામાં આપણે સામાન્ય રીતે અડધી સ્લિવ અથવા સ્લિવલેસ કપડાં પહેરીએ છીએ ત્યારે આપણું કાંડું ખાલી રહે છે તો એક સારી ઘડિયાળ પહેરવાનું ભૂલશો નહિ. મેટલિક બેલ્ટને બદલે લેધર કે કાપડના સ્ટ્રેપવાળી ઘડિયાળ વધારે આરામદાયક હોય છે.

## નાજુક પાયલ



ગરમીમાં મોટા ભાગે આપણે ચંપલ કે સેન્ડલ પહેરીએ છીએ ત્યારે પગની ખૂબસૂરતી વધારવા માટે પાયલ એક સારી એક્સેસરી છે. ભારે ચાંદીના પાયલને બદલે દોરા કે મોતીવાળા નાજુક પાયલ બહુ ટ્રેન્ડમાં છે. તમે એક પગમાં એન્કલેટ પહેરી મોડર્ન લુક અપનાવી શકો.

## કોટન-શિફોનનાં સ્કાર્ફ

એક નાનો સરખો સ્કાર્ફ તમારા લુકમાં કેટલો ફેરફાર લાવી શકે છે એ તમે ગરમીમાં અનુભવશો. કોટન, મલમલ કે શિફોનના સ્કાર્ફ આ મોસમ માટે યોગ્ય છે. તમે એને ગળામાં એક સ્ટાઈલિશ ગાંઠ બાંધી પહેરી શકો છો. માથા પર વિટાંળી વાળને તડકા અને ધૂળથી બચાવી શકો છો. આજકાલ હેન્ડબેગ પર સ્કાર્ફ બાંધવાનો ટ્રેન્ડ છે જે બેગને નવો અને ટ્રેન્ડી લુક આપે છે. ફ્લોરલ પ્રિન્ટ કે બ્રાઈટ કલરનાં સ્કાફ સફેદ અથવા લાઈટ કપડાં સાથે આકર્ષક લાગે છે. આ એક એવી એક્સેસરી છે જે બહુ ઓછી જગ્યાને કવર કરે છે પરંતુ સ્ટાઈલને અનેકગણી વધારી દે છે.

